# ધોરણ-9
## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| પ્ર. 1 સાંજ સમે શામળિયો. | G0901, G0904, G0905, G0907, G0908, G0909, G0915, G0917, G0919 | • સ્વાધ્યાયમાં સમાસ/અલંકાર મૂકવા.<br>• શબ્દસમૂહ મૂકવા - શબ્દ સમજૂતી વિભાગમાં ઉપરોક્ત બાબત દરેક પ્રકરણમાં મૂકવી). |
| પ્ર. 2 ચોરી અને પ્રાયશ્ચિત | G0901, G0902, G0904, G0905, G0906, G0907, G0908, G0909, G0910, G0914, G0917, G0919, G0920 | • પત્રલેખન - પોતે કરેલી ભૂલનો એકરાર કરતો પત્ર<br>• પ્રાયશ્ચિત કરવાથી મન પર શી અસર પડે છે ?<br>• ગાંધીજીના સદ્‌ગુણોથી તમારા જીવનશૈલીમાં આવેલ પરિવર્તન. – પ્રશ્ન સ્વરૂપે મૂકવા. |
| પ્ર. 3 પછે શામળિયોજી બોલિયા | G0901, G0903, G0904, G0905, G0907, G0908, G0909, G0914, G0915, G0917, G0918, G0919 | • જૂથ ચર્ચા મૂકવી - વર્તમાન શિક્ષણ પ્રણાલી ગમે કે પ્રાચીન ગુરૂકુળ પરંપરા.....<br>• કાવ્યને આધારે તમારી દિનચર્યા વર્ણવો. |
| પ્ર. 4 ગોપાળબાપા | G0901, G0902, G0903, G0904, G0906, G0907, G0908, G0910, G0912, G0914, G0915, G0917, G0919 | • પ્રકૃતિ સ્થળની મુલાકાત બાળકોને કરાવી.<br>• વૃક્ષો અંગે સમજ કેળવે તેવી પ્રવૃત્તિ :<br>• સંતોનો પરિચય મૂકવો. |
| પ્ર. 5 ગુર્જરીના ગૃહકુંજે | G0901, G0904, G0905, G0909, G0915, G0919, G0920 | • કાવ્યને આધારે મારું વતન/ મારા સ્વપ્નનું ગુજરાત નિબંધ લેખન. |
| પ્ર. 6 લોહીની સગાઈ | G0901, G0903, G0905, G0906, G0907, G0908, G0910, G0917, G0919, G0920 | • માનસિક વિકલાંગ દર્દીઓની હૉસ્પિટલની મુલાકાત<br>• માતૃપ્રેમ વિશેની કહેવતો લખો. |
| પ્ર. 7 કામ કરે ઈ જીતે | G0901, G0909, G0913, G0919, G0920, | • પુરુષાર્થનો મહિમા દર્શાવતાં સૂત્રો તૈયાર કરો. |

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| | | ● શ્રમિકના ઘરની મુલાકાત લઈ તેના જીવનશૈલી પર નોંધ. |
| પ્ર. 8 છાલ છોતરાં અને ગોટલા | G0903, G0905, G0908, G0911, G0915, G0919, G0920 | ● અહેવાલ - સ્વચ્છતા અભિયાન<br>● નિબંધ - સ્વચ્છતા ત્યાં પ્રભુતા<br>● પત્ર - ગાંધી જયંતી નિમિતે સફાઈ અભિયાન. (શાળા ગામ સ્તરે) |
| પ્ર. 9 પુત્રવધૂનું સ્વાગત | G0908, G0909, G0914, G0917, G0919 | ● લગ્નવિધિ અંગે માહિતગાર કરવા. (સપ્તપદી ફેરા અંગે)<br>● લગ્નકંકોત્રીઓ એકત્રિત પ્રૉજેક્ટ<br>● દીકરી - પુત્રવધૂ એક સમાન ભાવ વિકસે તેવા આયોજન.<br>● કન્યાવિદાય - કરુણ મંગલ પ્રસંગ વર્ણન. |
| પ્ર. 10 ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ | G0911, G0912, G0914 | – |
| પ્ર. 11 મરજીવિયા | G0908, G0909, G0911 | ● વિચાર વિસ્તાર : સાહસ વિના સિદ્ધિ નહીં.<br>● ગુણવંતરાય આચાર્યની જીવનકથાનું વાંચન.<br>● સાહસ કથાઓનું વાંચન. |
| પ્ર. 12 સખી માર્કંડી | G0911, G0912, G0908, G0915, G0920 | ● 'નદીકાંઠે' એક કલાક સાંજ નિબંધ |
| પ્ર. 13 રસ્તો કરી જવાના | G0909, G0912, G0908, G0919 | ● ગઝલ સ્વરૂપ ટૂંકમાં પરિચય મૂકવો. |
| પ્ર. 14 વાડી પરનાં વહાલાં | G0905, G0915, G0917, G0920 | ● પ્રકૃતિ પર્યટન-નિબંધ પ્રાણીસંગ્રહાલયની મુલાકાતનું આયોજન ગોઠવો. |
| પ્ર. 15 ગોદ માતની ક્યાં ? | G0903, G0905, G0909, G0911, G0917 G0920 | ● નિબંધ – માતૃપ્રેમ માતૃપ્રેમને લગતાં સુવિચારો.<br>● માતૃવંદના કાર્યક્રમ. |
| પ્ર. 16 કુદરતી | G0906, G0908, G0916, G0917, G0918 | ● સહજ રીતે થયેલ સત્કાર્યનું તમારા શબ્દોમાં વર્ણન. |

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| પ્ર. 17 મારા સપનામાં આવ્યા હરિ. | G0909, G0917, G0919 | – |
| પ્ર. 18 પંગુમ્ લંઘયતે ગિરિમ્ | G0907, G0910, G0911, G0912, G0918 G0920 | ● વિચાર વિસ્તાર - કદમ હો અસ્થિર તેને રસ્તો જડતો નથી<br>અડગ મનના માનવીને હિમાલય નડતો નથી.<br>"મહિલા સશક્તિકરણ" પર નોંધ. |
| પ્ર. 19 પપ્પા હવે તો ફોન મૂકું | G0903, G0909, G0914, G0917, G0918 | ● પત્રલેખન - હૉસ્પિટલમાં રહેતી દીકરી પરિવારની ચિંતા વ્યક્ત કરતો પત્રલેખન |
| પ્ર. 20 સમાજ સમર્પિત શ્રેષ્ઠી | G0902, G0905, G0908, G0910, G0911, G09013 | ● નિબંધ - દાનનો મહિમા.<br>તમારા વિસ્તારના સમાજ શ્રેષ્ઠીઓની મુલાકાત |
| પ્ર. 21 તેજમલ | G0918, G0916, G0917 | – |
| પ્ર. 22 બોળો | G0906, G0907, G0910, G0917, G0919, | ● 'અતિથિ દેવો ભવ' પરંપરાને કૃતિમાં કઈ રીતે વ્યક્ત થઈ છે ? તમારા શબ્દોમાં લખો. |
| પ્ર. 23 લઘુ કાવ્યો | G0909, G0911, G0912 | – |
| પ્ર. 24 પ્રેરક પ્રસંગો | G0903, G0910, G0911, G0914. G0915 | – |

## ધોરણ-10
## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| પ્ર. 1 વૈષ્ણવજન. | G1001, G1007, G1008, G1011, G1017, G1015 | ● કાવ્યકંઠસ્થ |
| પ્ર. 2 રેસનો ઘોડો | G1003, G1006, G1007, G1008, G1009, G1014, G1018, G1019 | ● બાળઉછેર માટેનાં પગલાંની ચર્ચા<br>● નિબંધ - મારા શૈશલનાં સંસ્મરણો. |
| પ્ર. 3 શીલવંત સાધુને | G1007, G1008, G1013, G1017, G1019, | ● ગુરુ-શિષ્ય મહિમા દર્શાવતાં ઉદાહરણોની ચર્ચા |
| પ્ર. 4 ભૂલી ગયા પછી | G1005, G1006, G1007, G1009, G1011, G1013, G1015, G1016, G1019, | ● નારીશક્તિનું પ્રતીક એટલે મનીષા... સમજાવો.<br>● મહિલા સશક્તિકરણ દિનની ઉજવણી.<br>લેખ + રઘુવીર ચૌધરી સાથે વાર્તાલાપ. |
| પ્ર. 5 દીકરી | G1007, G1008, G1010, G1013, G1015, G1019, G1020 | ● કવિશ્રી સાથે ટૅક્નોલૉજીના માધ્યમથી વાર્તાલાપ.<br>● નિબંધ - દીકરી વહાલનો દરિયો.<br>● જૂથચર્ચા - દીકરો/દીકરી એક સમાન. |
| પ્ર. 6 વાઈલર ઈન્ફેક્શન | G1002, G1003, G1004, G1007, G1009, G1010, G1011, G1013, G1015, G1020, | ● નિબંધ - સ્વચ્છતા ત્યાં પ્રભુતા<br>● તન-મનની સ્વસ્થતા માટે કયાં કયાં પગલાં ભરશો ? |
| પ્ર. 7 હું એવો ગુજરાતી | G1008, G1010, G1015, G1019, G1020 | ● નિબંધ - મારા સ્વપ્નનું ગુજરાત |
| પ્ર. 8 છત્રી | G1005, G1006, G1007, G1009, G1013, G1015, G1020 | ● નિબંધ - છત્રીની આત્મકથા<br>● રમૂજી ટચૂકા લેખન સ્પર્ધા |
| પ્ર. 9 માધવને દીઠો છે ક્યાંય ? | G1004, G1006, G1007, G1008, G1013, G1017, G1019 | – |
| પ્ર. 10 ડાંગવનો અને.. | G1001, G1002, G1003, G1006, G1009, G1013, G1014, G1017, G1020 | – |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-9,10_Gujarati_(FL)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| પ્ર. 11 શિકારી | G1004, G1006, G1008, G1013, G1015, G1019 | ● કાવ્યમાં વસુધૈવ કુટુમ્બકમની મંગલ ભાવના કઈ રીતે સાકાર થયેલી દેખાય છે ? |
| પ્ર. 12 ચોપડાની ઈન્દ્રજાળ | G1005, G1006, G1009, G1010, G1014, G1017, G1019, G1020 | ● ચોપડાની ઈન્દ્રજાળ એટલે શું ? એ જાળ કોણે તોડી ? શા માટે ? –<br>● શોષિત ખેડૂતની આત્મકથા... |
| પ્ર. 13 વતનથી વિદાય થતાં | G1006, G1007, G1008, G1010, G1013, G1015, G1019, G1020 | ● નિબંધ - વતનપ્રેમ |
| પ્ર. 14 જન્મોત્સવ | G1002, G1003, G1005, G1006, G1007, G1009, G1010, G1017, G1018 | ● અહેવાલ - તમારા વિસ્તારમાં યોજાયેલ કૃષ્ણ જન્મોત્સવ અંગે લખો.<br>● કૃષ્ણ-કિશનના જન્મમાં શો તફાવત છે ? |
| પ્ર. 15 બોલીએ ના કાંઈ | G1004, G1006, G1008, G1013, G1015, G1017 | ● 'તારલિયો અંધાર' અને 'રણનો દારૂણ ધૂપ' દ્વારા કવિ શું કહેવા માગે છે ? |
| પ્ર. 16 ગતિભંગ | G1002, G1003, G1004, G1005, G1006, G1007, G1009, G1014, G1015, G1017 | ● 'ગતિભંગ' શીર્ષકની યથાર્થતા ચર્ચો. |
| પ્ર. 17 દિવસો જુદાઈના જાય છે. | G1007, G1008, G1013, G1015, | – |
| પ્ર. 18 ભૂખથીય ભૂંડી ભીખ | G1003, G1005, G1006, G1007, G1009, G1011, G1013, G1014, G1017, G1019, G1020 | ● આ તો મેઘરાજાને પાણી પહોંચાડવા જેવી વાત છે આ વિધાનનો મર્મ સમજાવો. |
| પ્ર. 19 એક બપોરે | G1008, G1013, G1015 | – |
| પ્ર. 20 વિરલ વિભૂતિ | G1001, G1002, G1003, G1006, G1007, G1009, G1011, G1014, G1019 | ● 'એક યુગપ્રવર્તક ભારતીય જૈન તીર્થંકર' તરીકે શ્રીમદ્ રાજચંદ્રને મૂલવો... |
| પ્ર. 21 ચાંદલિયો | G1008, G1015, G1017 | ● ચાંદલિયો લોકગીતમાં નિરૂપાયેલું કુટુંબજીવનના સંબંધોનું મધુરચિત્ર વર્ણવો. |
| પ્ર. 22 હિમાલયમાં એક સાહસ | G1001, G1003, G1006, G1007, G1009, G1014 | – |
| પ્ર. 23 દુહા-મુક્તક, હાઈકુ | G1007, G1008, G1013, G1015, G1017 | – |

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
| --- | --- | --- |
| પ્ર. 24 ઘોડીની સ્વામીભક્તિ | G1002, G1003, G1005, G1006, G1009, G1014, G1015, G1017 | • ઢેલ ઘોડીની રેવાળ ચાલની ખાસિયત વર્ણવો. |
| | અધ્યયન નિષ્પત્તિ 1012 અને 1018 બંને ક્રિયાત્મક રીતે સિદ્ધ કરવાનાં છે. | |
| | | |

# ધોરણ - 9, 10 : ગુજરાતી (પ્રથમ ભાષા)

**પ્રસ્તાવના :**

'ભાષા' વ્યક્તિના વિકાસનો મૂળ પાયો છે. ભાષા, શિક્ષણના તમામ ક્ષેત્રો સુધી વિસ્તારિત થાય છે. તેથી એક ભાષાનાં કૌશલ્યનું મજબૂતીકરણ બીજી અને ત્રીજી ભાષાના શિક્ષણ અને અન્ય વિષયોના ક્ષેત્રોને પણ સકારાત્મક રીતે સમર્થન આપે છે અને પ્રભાવિત કરે છે. ભાષા, વિચારવાની પ્રક્રિયા અને વક્તૃત્વ અને લેખન સ્વરૂપોમાં વાપરવામાં આવેલી ભાષાઓની વિવિધતાની અભિવ્યક્તિ સાથે જોડાયેલી છે. શીખનારાઓ ભાષા દ્વારા મોટા પ્રમાણમાં નવા વિચારો અને સિદ્ધાંતો આત્મસાત્ કરે છે.

માતૃભાષાને માત્ર વિષય તરીકે નહીં, પરંતુ જીવન વ્યવહારની ભાષા તરીકે, પ્રત્યાયનના સાધન તરીકે, સાંસ્કૃતિક વારસાના હિસ્સા કે ભાગ તરીકે હસ્તગત કરવાની અનિવાર્યતા અનુભવાય તે જરૂરી છે.

વિશ્વમાં કોઈ એવો દેશ નથી જે માતૃભાષામાં શિક્ષણ ન આપતો હોય. માતૃભાષાએ દૂધની ભાષા છે. બાળક માતૃભાષાના માધ્યમથી જે શીખી શકે તે અન્ય ભાષાના માધ્યમથી ન શીખી શકે. ટૂંકમાં માતૃભાષા વડે જ અન્ય વિષયો સારી રીતે શીખી શકાય. જે બાળકની માતૃભાષા નબળી હોય તે અન્ય વિષયોમાં કાચો હોય. એટલે જ માતૃભાષાનું શિક્ષણ અનિવાર્ય છે.

વર્તમાન સમયમાં ભાષાની સ્થિતિ જોતાં જે ચિંતા આપણને સતાવે છે તેવી જ ચિંતા દરેક દેશ પોતાની માતૃભાષા વિશે કરે છે. એ ચિંતાના સંદર્ભમાં આજે આપણી રાષ્ટ્રીય શિક્ષણનીતિના ભાગરૂપે અધ્યયન નિષ્પત્તિ જરૂરી જણાય છે.

ભાષાનાં મૂળભૂત ચાર કૌશલ્ય છે. શ્રવણ, કથન, વાચન અને લેખન. આ ચારેય કૌશલ્યો બાળકમાં કેળવાય તે અત્યંત જરૂરી છે.

ભાષા દ્વારા અસરકારક પ્રત્યાયન, સુટેવોનું ઘડતર, સંસ્કારોનું સિંચન, સહૃદયતા, માનવતા, આત્મિયતા, સંવેદનશીલતા, સર્જનાત્મકતા, કલાત્મકતા અને વિવિધ કૌશલ્યો જેવા અનેક આયામો, ગુણો, મૂલ્યો આત્મસાત્ કરવાના હોય છે. ઉત્તમ નાગરિકના ઘડતરથી સંસ્કારાયેલો સારો માનવ બનાવવા માટે પથદર્શક બની રહે તેવા અભ્યાસક્રમની સંરચના કરાવવાનો અમારો નમ્ર પ્રયાસ છે.



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-9,10_Gujarati_(FL)

# ધોરણ-૯ : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| વિદ્યાર્થીઓ વર્ગખંડમાં માતૃભાષાથી સભાન થાય અને માતૃભાષાનું મહત્ત્વ સમજે તેવું વાતાવરણ સર્જીને તેમને વ્યક્તિગત કે જૂથમાં પૂરતી તક પૂરી પાડી, તેમને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષક નીચે મુજબની પ્રવૃત્તિઓ કરશે.<br>● દશ્યશ્રાવ્ય સાધનો અને આધુનિક ઈન્ફર્મેશન ટૅક્નોલોજીની મદદથી ભિન્ન ભિન્ન શૈક્ષણિક માહિતી પૂરી પાડશે અને એના આધારે વિવિધ એકમો સમજાવી પ્રશ્નો પૂછશે.<br>● સસ્વર અને આરોહ-અવરોહ સાથે કાવ્યગાન કે કાવ્યપઠન કરી શૈક્ષણિક મુદ્દા સમજાવશે.<br>● નાટ્ય સંવાદોને આરોહ - અવરોહ અને વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને વાંચન કરશે. વિદ્યાર્થીઓને પાત્ર બનાવીને મૂળકૃતિના સંવાદ તૈયાર કરાવી, અલગ અલગ ઢબથી ઉચ્ચારી અભિવ્યક્ત કરતા શીખવશે.<br>● ભાષા સમજવા માટે શબ્દકોશ, પુસ્તકાલય અને ઈલેક્ટ્રોનિક મીડિયાના સંદર્ભ લેતાં શીખવશે.<br>● ટૂચકાઓ કહેશે અને કહેવડાવશે. રમૂજી કથા, નવલિકા, લઘુકથા અને પ્રસંગ કથા દ્વારા વાતાવરણ જીવંત બનાવશે.<br>● સાહિત્યનાં તમામ સ્વરૂપો માટે જરૂરી દશ્યશ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરશે.<br>● શ્રુતલેખન દ્વારા સાંભળીને લખવાની કુશળતા પ્રાપ્ત કરાવશે.<br>● શબ્દની ખો રમત રમાડી વિદ્યાર્થીઓને સમાનાર્થી, વિરુદ્ધાર્થી, તળપદા શબ્દો અને કહેવતો શીખવશે.<br>● સાંભળવાની અને વાંચવાની કુશળતા પ્રાપ્ત કરવા માટે વિદ્વાનોનાં વક્તવ્યો ઓડિયો-વીડિયો દ્વારા રજૂ કરશે અને તેના પર આધારિત પ્રશ્નો પૂછશે.<br>● નવલકથાખંડ, નવલિકા, લઘુકથા વગેરેનું ભાવવાહી વાંચન કરશે.<br>● પ્રકૃતિની પ્રત્યક્ષ સમજ આપવા માટે શાળાના બગીચામાં ખેતરમાં વિદ્યાર્થીઓને લઈ જઈ ફૂલ, ફળ, છોડ, વૃક્ષો, વિવિધ પાક, પતંગિયાં, કીટકો, | G0901 | ભાષા જ્ઞાનથી પરિચિત થાય છે અને જૂથ ચર્ચામાં ભાગ લે છે. |
| | G0902 | ધ્વનિ ઘટકો શીખીને શબ્દો અને વાક્ય રચનાઓ બનાવીને શુદ્ધ રીતે લખે છે. |
| | G0903 | અનુમાન, અર્થઘટન અને વર્ણન કરવા માટે વૈવિધ્યસભર સાહિત્યિક ચર્ચાઓ સાંભળે છે અને લખે છે. |
| | G0904 | શબ્દકોશનો ઉપયોગ કરી માન્ય જોડણી તથા સમાનાર્થી શબ્દો શીખે છે. |
| | G0905 | મૌખિક અને લેખિતમાં વિચારોનાં મંતવ્યો રજૂ કરે છે. |
| | G0906 | શુદ્ધ ઉચ્ચારણથી ટૂંકું વક્તવ્ય આરોહ અવરોહપૂર્વક હાવભાવ સાથે બોલે છે. |
| | G0907 | અલંકારોથી પરિચિત થઈ કાવ્ય, નવલિકા, નવલકથાઓ કે અન્ય સાહિત્ય સ્વરૂપોમાંથી અલંકારો ઓળખે છે અને તેનો લેખનકાર્યમાં ઉપયોગ કરે છે. |
| | G0908 | વિવિધ સાહિત્યસ્વરૂપો જેવાં કે કાવ્ય, નિબંધ નવલિકા, આત્મકથા, હાઈકુ વિશેની સમજ કેળવે છે અને આત્મસૂઝથી લખવાનો પ્રયત્ન કરે છે. |
| | G0909 | કાવ્યની અભિધા અને લક્ષણાશક્તિને સમજીને તેમાં રહેલા ભાવને રજૂ કરી ઉત્તરો આપે છે. |
| | G0910 | કર્તા, કર્મ, ક્રિયાપદ અને સહાયકારક ક્રિયાપદને ઓળખી વાક્યપ્રયોગ કરે છે.<br>સંજ્ઞા, લિંગ, વચન, વિભક્તિ, કાળ કે ધાતુપ્રત્યયોને ઓળખે છે અને લેખનકાર્યમાં યોગ્ય રીતે ઉપયોગ કરે છે. |
| | G0911 | ચોપાનિયાં, સમાયિકો, વર્તમાનપત્રો, પૂર્તિઓમાં આવતા લેખોને વાંચે છે અને બુલેટિન બોર્ડ પર લગાવે છે. પ્રાર્થના સભામાં શુદ્ધ ઉચ્ચારણ સાથે વાર્તાકથન, કાવ્યપઠન કરે છે. |
| | G0912 | ચર્ચા, ભાષણ, જૂથચર્ચા જેવા વિવિધ મૌખિક કાર્યક્રમો સાંભળે છે અને સહભાગી થાય છે.<br>સમીક્ષા કરે છે અને સારાંશ મેળવી બોલે અને લખે છે. |

# ધોરણ-૭ : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| પક્ષીઓ, જીવજંતુઓ વગેરે બતાવવાં. તેમને પ્રવાસ કે પિકનિક પર લઈ જઈ નદીઓ, પર્વતો, ખીણો, ઝરણાં, આકાશ, સમુદ્રદર્શન, સૂર્યોદય, સૂર્યાસ્ત, બતાવી પ્રકૃતિના પ્રત્યક્ષ દર્શન દ્વારા તેનું મહત્ત્વ સમજાવવું. | G0913 | શાળા બહારના વાતાવરણમાં હોર્ડિંગ્સ, જાહેરાતો, બજારની મુલાકાત વગેરેમાં આપવામાં આવેલી માહિતી વાંચે છે અને સમજે છે. |
| ● લયબદ્ધ, છંદગાન કરી, વિવિધ છંદશિક્ષણ કરાવવું. | G0914 | જે તે કથનના અર્થઘટન અને અર્થપૂર્ણતા માટે વિવિધ શબ્દો, શબ્દ સમૂહો, રૂઢિપ્રયોગો અને શબ્દાવલિઓ સાંભળે છે, બોલે છે અને જરૂર જણાય ત્યાં લખે છે. |
| ● સારા લોક સાહિત્યકારને શાળામાં બોલાવી ગમ્મત સાથે જ્ઞાન પીરસી, ભાષાનું રસપાન કરાવવું અને એનો વૈભવ સમજાવવું.<br>● ચોપાનિયાં, સામયિકો અને વર્તમાનપત્રોના કટિંગ્સનો સંગ્રહ કરતાં શીખવવું. | G0915 | પ્રકૃતિનું સાહિત્યિક અને પૌરાણિક વારસાનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવે છે અને તેના વિશે બોલે અને લખે છે. |
| ● લોકમેળાઓની મુલાકાત કરાવી ભારતીય ભાતીગળ સંસ્કૃતિનો પરિચય કરાવવો. | G0916 | એકાંકીના, ફિલ્મના સંવાદો સાંભળે છે, હાવભાવ સાથે આરોહ અવરોહથી બોલે છે. |
| ● જાહેર સ્થળો પર લખેલાં સૂત્રોની ભાષા દ્વારા ભાષાની વિશેષતાઓ અને મર્યાદાઓની જાણકારી આપવી. | G0917 | તળપદા શબ્દોને શિષ્ટભાષામાં બોલે છે અને લખે છે. |
| ● જાહેર સ્થળોને મુલાકાત લેવડાવી જે તે હોદ્દેદાર વ્યક્તિનો પરિચય કરાવી ત્યાં લખેલાં સૂચનો અને સૂત્રો ધ્યાન પર લાવવાં. | G0918 | દૃશ્યશ્રાવ્ય ઉપકરણો જેવાં કે, ટી.વી., મોબાઈલ, કમ્પ્યૂટર, પ્રોજેક્ટરમાં આવતાં ચિત્રોને નિહાળે છે અને સંવાદોને, વક્તવ્યોને ધ્યાનપૂર્વક સાંભળે છે, સારી રીતે બોલે છે અને લખે છે. |
| ● પાઠ્યપુસ્તકમાં રહેલી કૃતિને લગતી અન્ય કવિતા કે નવલિકા મેળવી, વર્ગમાં તેનું પઠન કરાવી મૂળકૃતિના ભાવને વધારે સારી રીતે ઉજાગર કરવો. | G0919 | કેટલાક કવિ, લેખક કે લોક સાહિત્યકારોનો પરિચય મેળવે છે અને આપે છે. |
| ● જોડણી, અર્થ અને નવા શબ્દોથી પરિચય કેળવાય તે માટે શબ્દકોશનો ઉપયોગ કરતાં શીખવવું.<br>● વ્યક્તિ કે વસ્તુઓની સરખામણી, કલ્પના, ચડિયાતાપણું જેવાં ઉદાહરણ બતાવી અલંકાર શિક્ષણ તરફ અભિપ્રેત કરવા.<br>● વિરામ ચિહ્નો વગરનો ફકરો લખી તેમાં યોગ્ય વિરામ ચિહ્નો મૂકતાં શીખવવા.<br>● વિવિધ શબ્દ રમતો રમાડી કર્તા, કર્મ, વિશેષણ, ક્રિયાવિશેષણ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી જેવા વ્યાકરણના એકમો શીખવવા.<br>● વિવિધ વિષયો આપી તેના પર હકારાત્મક અને નકારાત્મક જૂથ ચર્ચા કરાવવી. | G0920 | પત્ર, વિચારવિસ્તાર, નિબંધ, અહેવાલ સમજે છે અને લખે છે. |

# ધોરણ-૯ : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| • વિશેષ દિવસોની ઉજવણી કરી તેને સંલગ્ન ચર્ચા દ્વારા પ્રશ્નોત્તરી સ્પર્ધા રાખવી.<br>• કવિ/લેખક કે મહાપુરૂષના નજીકના જન્મ સ્થળની મુલાકાત ગોઠવવી.<br>• વિદ્યાર્થીના માતા-પિતાના વ્યવસાયના હોદ્દાને અનુરૂપ બોલવાની પ્રવૃત્તિ કરાવવી.<br>• વાક્યો કે શબ્દોને આડા-અવળા મૂકી વાર્તાકથન અને લેખન કરતાં શીખવશે અને તેના દોષોથી પરિચિત કરાવવા.<br>• વિવિધ રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાતો, પ્રોજેક્ટ કાર્ય દ્વારા શૈક્ષણિક મુદ્દા સમજાવવા.<br>• શ્રવણ કૌશલ્ય વિકસાવવા માટે ફિલ્મી સંવાદો, નાટ્યસંવાદો કે સારા વક્તાઓની ઓડિયો વીડિયો ક્લિપ સંભળાવવા.<br>• સમાચાર-સુવિચાર-સાહિત્ય, ફલક બોર્ડની સજાવટ કરાવવી.<br>• વિવિધ પર્વોની ઉજવણી કરાવી તેનું અહેવાલરૂપે કે વર્ણનાત્મક લેખન કરાવવું.<br>• દૃશ્યશ્રાવ્ય સાધનો અને આધુનિક ઈન્ફર્મેશન ટૅક્નોલોજીની મદદથી ભિન્ન શૈક્ષણિક માહિતી પૂરી પાડવા અને એના આધારે વિવિધ એકમો સમજાવી પ્રશ્નો પૂછશે. | | |

# ધોરણ-10 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| વિદ્યાર્થીઓ શાળામાં કે વર્ગખંડમાં માતૃભાષાથી સભાન થાય અને માતૃભાષાનું મહત્ત્વ સમજે તેવું વાતાવરણ સર્જીને તેમને વ્યક્તિગત કે જૂથમાં પૂરતી તક પૂરી પાડી, તેમને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષક નીચે મુજબની પ્રવૃત્તિઓ કરશે. | G1001 | ભાષા જ્ઞાન અને સાહિત્યથી 5રિચિત થાય છે અને જૂથ ચર્ચામાં સક્રિય રીતે ભાગ લઈ જવાબ આપે છે. |
| • દશ્યશ્રાવ્ય સાધનો અને આધુનિક ઈન્ફર્મેશન ટૅક્નોલોજીની મદદથી ભિન્ન-ભિન્ન શૈક્ષણિક માહિતી પૂરી પાડશે અને એને આધારે વિવિધ એકમો સમજાવી પ્રશ્નો પૂછશે. | G1002 | ધ્વનિઘટકો શીખીને તેમાંથી શબ્દો અન વાક્યરચનાઓ બનાવે છે તેમજ સમજપૂર્વક બોલે અને લખે છે. |
| • સસ્વર અને આરોહ-અવરોહ સાથે કાવ્યગાન કે કાવ્યપઠન કરી શૈક્ષણિક મુદ્દા સમજાવશે.<br>• નાટ્યસંવાદોને આરોહ અવરોહ અને વિરામચિહ્નોને ધ્યાનમાં રાખી વાંચન કરશે. | G1003 | શબ્દકોશનો ઉ5યોગ કરી માન્ય જોડણી અર્થ શબ્દ અને શબ્દ વચ્ચેનો ભેદ તથા અન્ય સમાનાર્થી શબ્દો વિશે જાણે છે અને શીખે છે. |
| વિદ્યાર્થીઓને પાત્ર બનાવીને મૂળ કૃતિના સંવાદો તૈયાર કરાવી, અલગ અલગ ઢબથી ઉચ્ચારી અભિવ્યક્તિ કરતાં શીખવશે.<br>• ભાષા પર પ્રભુત્વ મેળવવા માટે ગુજરાતી શબ્દકોશ, સામયિકો, જ્ઞાનકોશથી માહિતગાર કરશે અને પુસ્તકાલય અને ઈલેક્ટ્રોનિક મીડિયાનો સંદર્ભ લેતાં શીખવશે. | G1004 | અનુમાન, અર્થઘટન અને વર્ણન કરવા માટે વિવિધ વિદ્વાનોની ચર્ચાઓ સાંભળે છે, સમજે છે અને વિચારે છે. |
| • ટુચકાઓ કહેશે અને કહેવડાવશે. રમૂજી કથા, નવલિકા લઘુકથા અને પ્રસંગકથા દ્વારા વાતાવરણ જીવંત બનાવશે.<br>• સાહિત્યનાં તમામ સ્વરૂપો માટે જરૂરી દશ્યશ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરશે. | G1005 | ટૂંકા વાક્યો તેમજ ગદ્યાંશોને શુદ્ધ ઉચ્ચારણ સાથે, આરોહ અને અવરોહનો ઉપયોગ કરી હાવભાવ સાથે બોલે છે. |
| • શ્રુતલેખન દ્વારા સાંભળવાની અને લખવાની કુશળતા પ્રાપ્ત કરાવશે.<br>• શબ્દની ખો રમત રમાડી વિદ્યાર્થીઓને સમાનાર્થી, વિરૂદ્ધાર્થી, તળપદા શબ્દો અને કહેવતો શીખવશે. | G1006 | અલંકાર શિક્ષણથી પરિચિત થઈ વિવિધ વિષયવસ્તુમાંથી અલંકારો ઓળખે છે અને તેને વિચારીને લેખનમાં ઉપયોગ કરે છે. |
| • સાંભળવાની અને વાંચવાની કુશળતા પ્રાપ્ત કરવા માટે વિદ્વાનોનાં વક્તવ્યો ઑડિયો-વીડિયો દ્વારા રજૂ કરવાં અને તેના પર આધારિત પ્રશ્નો પૂછવા. તેમજ જવાબો મેળવવા.<br>• નવલકથાખંડ, નવલિકા, લઘુકથા વગેરેનું ભાવવાહી વાંચન કરવું અને કરાવવું.<br>• નિબંધ સ્વરૂપના ગદ્યને રોલ પ્લે દ્વારા વધુ સારી રીતે સમજાવવું. | G1007 | મૌખિક કે લેખિત વિચારો વિશે અર્થઘટન કરી પોતાનાં મંતવ્યો રજૂ કરે છે અને લખે છે. સાહિત્યના વિવિધ સ્વરૂપો જેવાં કે, કાવ્ય, નિબંધ, નવલિકા, આત્મકથા તથા હાઈકુ વિશે સમજ કેળવે છે અને આત્મસૂઝથી વિચારે છે અને લખે છે. |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-9,10_Gujarati_(FL)

# ધોરણ-10 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| ● પ્રકૃતિની પ્રત્યક્ષ સમજ આપવા માટે શાળાના બગીચામાં કે ખેતરમાં વિદ્યાર્થીઓને લઈ જઈ ફૂલછોડ, વૃક્ષો, વિવિધ પાક, પતંગિયાં, પક્ષીઓ જીવજંતુઓ વગેરે બતાવવા. વિદ્યાર્થીઓને પ્રવાસ કે પિકનિક પર લઈ જઈ નદીઓ, પર્વતો, ઝરણાં, ખીણ, આકાશદર્શન, સમુદ્ર દર્શન, સૂર્યોદય-સૂર્યાસ્ત બતાવી પ્રકૃતિના પ્રત્યક્ષ દર્શન દ્વારા તેનું મહત્વ સમજાવવું. | G1008 | કાવ્યમાં રહેલી અભિધા, લક્ષણા અને વ્યંજના શક્તિને સમજીને તેમાં રહેલા ભાવ મૌખિક રીતે રજૂ કરી ઉત્તરો લખે છે અને આપે છે. |
| ● લયબદ્ધ છંદગાન કરી વિવિધ છંદશિક્ષણ કરાવવું.<br>● સારા લોકસાહિત્યકારોને શાળામાં બોલાવી ગમ્મત સાથે જ્ઞાન પીરસી, ભાષાનું રસપાન કરાવવું.<br>● ચોપાનિયાં, સામાયિકો અને વર્તમાન પત્રોનાં કટિંગ્સનો સંગ્રહ કરવવો. | G1009 | કર્તા, કર્મ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, નિપાત, સંયોજક, કૃદંત વગેરેની સમજ કેળવી લેખનકાર્યમાં ઉપયોગ કરે છે. સંજ્ઞા, લિંગ, વચન, વિભક્તિ, કાળ કે ધાતુપ્રત્યયોને ઓળખે છે. ભેદ પારખી શકે છે અને વાક્યપ્રયોગ કરે છે. |
| ● લોકમેળાઓની મુલાકાત કરાવી ભારતીય ભાતીયગળ સંસ્કૃતિનો પરિચય કરાવવો.<br>● જાહેર સ્થળો પર લખેલાં સૂત્રોની ભાષા દ્વારા ભાષાની વિશેષતાઓ અને મર્યાદાઓની જાણકારી આપવી. | G1010 | ભાષણ, ચર્ચા કે જૂથચર્ચા જેવા વિવિધ મૌખિક કાર્યક્રમ જુએ છે અને સહભાગી થાય છે. |
| ● જાહેર સ્થળોની મુલાકાત લેવડાવી જે તે હોદ્દેદાર વ્યક્તિનો પરિચય અને ત્યાં લખેલાં સૂચનો અને સૂત્રો ધ્યાન પર લાવવાં.<br>● પાઠ્યપુસ્તકમાં રહેલી કૃતિને લગતી અન્ય કવિતા કે નવલિકા મેળવી વર્ગમાં તેનું પઠન કરાવી મૂળ કૃતિના ભાવને વધારે સારી રીતે ઉજાગર કરવો.<br>● જોડણી, અર્થ અને નવા શબ્દોથી પરિચય કેળવાય તે માટે શબ્દકોશનો ઉપયોગ કરતાં શીખવવો. | G1011 | ચોપાનિયાં, સામયિકો, છાપાં અને પૂર્તિઓમાં આવતા વિશેષ લેખો વાંચે છે અને તેનો સંગ્રહ કરે છે તથા બુલેટિન બોર્ડ પર લગાવે છે અને પ્રાર્થનાસભામાં વાર્તકથન કે કાવ્યપઠન કરે છે. |
| ● વ્યક્તિ કે વસ્તુઓની સરખામણી કલ્પના કે ચડિયાતાપણું જેવાં ઉદાહરણ બતાવી અલંકાર શિક્ષણ તરફ અભિપ્રેત કરવા.<br>● વિરામચિહ્નો વગરનો ફકરો લખી તેમાં યોગ્ય વિરામચિહ્નો મૂકતાં શીખવવાં. | G1012 | શાળા બહાર લગાવેલ હૉર્ડિંગ્સ, જાહેરાતો, પોસ્ટર તથા બજાર અને સિનેમાનાં શીર્ષક વગેરેમાં રહેલી સામગ્રીને વાંચે છે અને ભાષાને સમજે છે. |
| ● વિવિધ શબ્દરમતો રમાડી કર્તા, કર્મ, વિશેષણ, ક્રિયાવિશેષણ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી જેવા વ્યાકરણનાં બિંદુઓ શીખવવાં.<br>● વિવિધ વિષયો આપી તેના પર હકારાત્મક અને નકારાત્મક જૂથ ચર્ચા કરાવવી. | G1013 | ગદ્યપદ્યની સમીક્ષા કરે છે અને સારાંશ મેળવીને તેના વિશે બોલે કે લખે છે. |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-9,10_Gujarati_(FL)

# ધોરણ-10 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| ● વિશેષ દિવસોની ઉજવણી કરી તેને સંલગ્ન ચર્ચા દ્વારા પ્રશ્નોત્તરી સ્પર્ધા રાખવી.<br>● કોઈ કવિ, લેખક કે મહાપુરુષના નજીકના જન્મસ્થળની મુલાકાત ગોઠવવી. | G1014 | જે તે કથનના અર્થઘટન અને અર્થપૂર્ણતા માટે વિવિધ શબ્દો, રૂઢિપ્રયોગો, શબ્દ સમૂહો, કહેવતો સાંભળે છે, સમજે છે, બોલે છે અને લખે છે. |
| ● ઓળખીતા/જાણીતા કવિ-લેખકને શાળામાં બોલાવી સાહિત્ય સ્વરૂપનો વિશેષ પરિચય કરાવવો.<br>● સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કાર્યક્રમ/મંચ સંચાલનનું કાર્ય કરાવવું. | G1015 | કેટલાક કવિ, લેખક કે લોકસાહિત્યકારોનો પરિચય મેળવે છે. ફોટો જોઈને ઓળખે છે અને એમનો પરિચય આપે છે. |
| ● પાઠ્યપુસ્તક આધારિત વિવિધ પાત્રોનો એકપાત્રીય અભિનય કરાવી કે રોલ-પ્લે કરાવી આરોહ-અવરોહ યુક્ત સંવાદો બોલતાં શીખવવા.<br>● વિદ્યાર્થીના માતા-પિતાના વ્યવસાયને સંવાદ અનુરૂપ બોલવાની પ્રવૃત્તિ કરાવવી.<br>● વાક્યો કે શબ્દો આડાઅવળા મૂકી વાર્તાકથન અને લેખન કરતાં શીખવવા અને તેના દોષોથી પરિચિત કરાવવા. | G1016 | એકાંકી, ફિલ્મના સંવાદો અને વિષયવસ્તુને સાંભળે છે અને હાવભાવ સાથે આરોહ અવરોહપૂર્વક નકલ કરીને બોલે છે. |
| ● દશ્યશ્રાવ્ય સાધનો અને આધુનિક ઈન્ફર્મેશન ટૅક્નોલોજીની મદદથી ભિન્ન ભિન્ન શૈક્ષણિક માહિતી પૂરી પાડશે અને એને આધારે વિવિધ એકમો સમજાવી પ્રશ્નો પૂછશે. | G1017 | તળપદા શબ્દોથી પરિચિત થાય છે અને તેનો શિષ્ટ ભાષામાં ઉપયોગ કરે છે. બોલે છે અને લખે છે. |
| ● વિવિધ રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાતો, ઈન્ટરવ્યૂ કે પ્રોજેક્ટ કાર્ય દ્વારા શૈક્ષણિક મુદ્દા સમજાવવા.<br>● શ્રવણ કૌશલ્ય વિકસાવવા માટે ફિલ્મી સંવાદો/નાટ્યસંવાદો કે સારા વક્તાઓની ઑડિયો-વીડિયો ક્લિપ સંભળાવવી. | G1018 | દશ્યશ્રાવ્ય ઉપકરણો જેવાં કે ટી.વી., મોબાઈલ, કમ્પ્યૂટર પ્રૉજેક્ટર, લેપટોપમાં આવતાં ચિત્રોને નિહાળે છે અને સંવાદોને, વક્તવ્યોને ધ્યાનપૂર્વક સાંભળે છે. સારી રીતે બોલે છે અને લખે છે. |
| ● આસપાસના જનસમુદાયની મુલાકાત ગોઠવવી અને તેમની વિવિધ માહિતીથી વાકેફ કરવા.<br>● વિવિધ વ્યવસાયકારોનો પરિચય કરાવવો. એમની સાથે સંવાદ ગોષ્ઠિ કરી એમની કલા કુશળતા તેમજ ખાસિયતો જણાવવો.<br>● પ્રાર્થનાસભા કે વિશિષ્ટ સમારંભોમાં ઉદ્‌ઘોષણા માટેનો મહાવરો કરાવવો. | G1019 | પ્રકૃતિને જોઈને તેના પ્રત્યે સંવેદનશીલ બને છે, તેને માણે છે, જાળવે છે અને તેનું મહત્વ સમજ છે. ભાષા, સમાજ, દેશદાઝ, વેશ, રીત-રિવાજ, મૂલ્યો, કૌશલ્યોથી પરિચિત થાય છે. |
| ● સમાચાર-સુવિચાર લેખન કે બુલેટિન બોર્ડ સજાવટ કરાવવી.<br>● વિવિધ પર્વોની ઉજવણી કરાવી તેનું અહેવાલ કે વર્ણનાત્મક લેખન કરાવવું. | G1020 | પત્ર, અર્થવિસ્તાર, નિબંધ, અહેવાલ વિશે વિચારે છે. સમજે છે અને લખે છે. |